# UCCC & SPBCBA & SDHGCBCA & IT
## S.Y.B.com Sem. – ૪
## Advanced Accounting and Auditing Paper – 3
## કરાર પડતરનાં હિસાબો:

---

ટૂંકા દાખલા:

૧. કરારની કિંમત રૂ ૨,૦૦,૦૦૦ છે. વર્ષ ૨૦૧૪ દરમિયાન ¾ ભાગનું કામ પૂરું થયું છે. પૂરા થયેલ કામની પડતરના ૮૦% કામને પ્રમાણપત્ર મળ્યું છે. કરારનાં કુલ ખર્ચા રૂ ૧,૦૦,૦૦૦ છે. બિનપ્રમાણિત કામની કિંમત શોધો. *[V.N.S.G.U. Apr. ૨૦૧૫]*

૨. રૂ ૨૫,૦૦,૦૦૦નાં એક કરારનું ૮૦% કામ પૂરું થઈ ગયું છે, જેમાં પ્રમાણિત કામ રૂ ૧૭,૫૦,૦૦૦ છે. કામનો કુલ ખર્ચ રૂ ૧૪,૦૦,૦૦૦ છે. બિનપ્રમાણિત કામની કિંમત અને પડતર ગણો.

*[V.N.S.G.U. Apr. ૨૦૧૭]*

૩. એક કોન્ટ્રાક્ટરનાં ચોપડે નીચે મુજબની બાકી મળી છે. તેના આધારે ચાલુ કામ ખાતું બનાવો:

| વિગતો | ૧/૧/૨૦૧૭ (રૂ) | ૩૧/૧૨/૨૦૧૭ (રૂ) |
|---|---|---|
| પ્રમાણિત કામ | ૧,૫૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ |
| બિનપ્રમાણિત કામ | ૫૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| સ્થળ પર માલસામાન | ૨૫,૦૦૦ | ૩૫,૦૦૦ |
| સ્થળ પર યંત્રો | ૫૦,૦૦૦ | ૪૫,૦૦૦ |
| અનામત નફો | ૩૦,૦૦૦ | ૬૦,૦૦૦ |

*[V.N.S.G.U. Apr. ૨૦૧૮]*

૪. રૂ ૧,૦૦,૦૦૦ની કિંમતનું એક સામાન્ય હેતુસરનું મશીન તા ૧-૧-૨૦૧૨ના રોજ કરારની સાઈટપર મોકલવામાં આવ્યું હતું. આ યંત્ર તા.૧-૭-૨૦૧૨નાં રોજ રૂ ૯૨,૦૦૦માં વેચી દીધું. ઘસારો ૧૦% પ્રમાણે ગણવામાં આવે છે. કરાર ખાતામાં આ વ્યવહારની અસર દર્શાવો.

૫. નીચેની વિગતો એક કરાર લેનારનાં ચોપડામાં કઈ બાજુ અને કઈ રકમથી બતાવાશે તે જણાવો:
રૂ ૧૨,૦૦૦નું એક યંત્ર તા.૧-૩-૨૦૧૭નાં રોજ કરાર નં ૧૦૧ માટે જ ખરીદવામાં આવેલું. તેનાપર વાર્ષિક ૯% લેખે ઘસારો ગણવામાં આવે છે. તા ૩૧-૧૨-૨૦૧૭નાં રોજ યંત્ર આગથી સંપૂર્ણ નાશ પામ્યું. વીમા કંપનીએ રૂ ૫૦૦૦નો દાવો મંજૂર રાખ્યો.

૬. નીચે આપેલ બાકી વર્ષનાં અંતે પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવાશે તે જણાવો:
મળેલ રોકડ (પ્રમાણિત કામનાં ૭૫ %) – રૂ ૧,૫૦,૦૦૦

બિનપ્રમાણિત કામ – પ્રમાણિત કામનાં ૧૦%
અનામત નફો – રૂ ૨૦,૦૦૦
સ્થળ પર માલસામાન – રૂ ૩૦,૦૦૦ (વર્ષનાં અંતે)
સ્થળ પર યંત્રો – ઘસારા બાદ – રૂ ૪૦,૦૦૦ (વર્ષનાં અંતે)
કરાર કિંમત – રૂ ૫,૦૦,૦૦૦ *[V.N.S.G.U Oct ૨૦૧૭]*

૭. જાન્યુઆરી ૨૦૨૦માં શરૂ થયેલ રૂ ૧૨,૦૦,૦૦૦નાં એક કરારનો ખર્ચ નીચે મુજબ છે:

| | |
|---|---|
| માલસામાન | રૂ ૨,૪૦,૦૦૦ |
| મજૂરી | રૂ ૩,૨૮,૦૦૦ |
| પ્લાન્ટ | રૂ ૪૦,૦૦૦ |
| પરોક્ષ ખર્ચા | રૂ ૧૭,૨૦૦ |
| બિનપ્રમાણિત કામ | રૂ ૮૦૦૦ |

તા ૩૧મી ડિસેમ્બરનારોજ રૂ ૪,૮૦,૦૦૦ રોકડા મળ્યા, જે પ્રમાણિત કામનાં ૮૦% છે. સ્થળ પર માલસામાનની કિંમત રૂ ૧૨,૦૦૦ છે. પ્લાન્ટ પર ૨૦% લેખે ઘસારો ગણવાનો છે.
કરાર ખાતું બનાવો.

૮.

૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ બિલ્ડિંગ કોન્ટ્રેક્ટના ચોપડામાંથી કોન્ટ્રેક્ટ નં. ૧૬૫ ને લગતી નીચેની બાકીઓ લેવામાં આવી હતી.

| | |
|---|---|
| જગ્યા પર મોકલેલ માલસામગ્રી | ₹ ૬,૨૭,૫૦૦ |
| ચૂકવેલ વેતન | ₹ ૬,૬૫,૬૦૦ |
| ૧લી એપ્રિલ ૨૦૧૮ ના રોજ મોકલેલ પ્લાન્ટ | ₹ ૬૦,૦૦૦ |
| ચૂકવેલા સીધા ખર્ચા | ₹ ૨૫,૧૫૦ |
| સ્થાપના ખર્ચ | ₹ ૫૬,૯૦૦ |
| પેટાકરાર ની પડતર | ₹ ૧૨,૫૦૦ |
| ભંગાર નું વેચાણ | ₹ ૭,૫૦૦ |
| ૩૧-૩-૨૦૧૮ ના રોજ જગ્યા પર માલસામાન | ₹ ૨૭,૫૦૦ |
| પ્રમાણિત ન થયેલ કામની પડતર | ₹ ૪૦,૦૦૦ |
| અનામત નફો (૩૧-૩-૧૮ ના રોજ) | ₹ ૧,૪૩,૧૯૦ |

**વધારાની માહિતી**

(૧) કરારનું કામ ૧લી એપ્રિલ, ૨૦૧૭ના રોજ શરૂ થયું હતું અને કરાર કિંમત ૨૪,૫૦,૦૦૦ નક્કી થઈ હતી.

(૨) ૩૧-૦૩-૨૦૧૮ના રોજ ચઢેલ

| | |
|---|---|
| વેતન | ₹ ૭,૨૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચા | ₹ ૨,૧૫૦ |

(૩) આગથી ₹ ૫,૦૦૦ની કિંમતનો માલસામાન અંશતઃ નાશ પામ્યો. વીમા કંપનીએ ₹ ૩,૦૦૦નો દાવો સ્વીકાર્યો.

(૪) કરાર આપનાર પાસેથી પ્રમાણિત કામનાં ૮૫.૫% રોકડ મળેલ છે.

(૫) પ્લાન્ટ પર વાર્ષિક ૨૫% લેખે ઘસારો ગણવામાં આવે છે.

(૬) $2/3$ રોકડના ધોરણે નફો નફા-નુકશાન ખાતે લઈ જવામાં આવેલ છે.

(૭) ૩૧-૦૩-૨૦૧૮ના રોજ પુરા થતા વર્ષના અંતે ૭૦% કામ પુરું થયેલ છે.

૩૧-૦૩-૨૦૧૮ના રોજ પુરા થતા વર્ષ માટે કરાર ખાતું તૈયાર કરો. તેમજ કોન્ટ્રાકટરના પાકા સરવૈયામાં કરારને લગતી વિગત દર્શાવો.

**(VNSGU OCT-2019)**

૯. રાજા કન્સ્ટ્રકશન કંપની તા ૧-૦૪-૨૦૧૯ના રોજ રૂ ૨૧,૦૦,૦૦૦ની કિંમતે કરાર લીધો. તા. ૩૧-૧૨- ૨૦૧૯ના રોજ પૂરા થતાં વર્ષ અંગે કરારની માહિતી નીચે મુજબ છે.

| વિગત | રૂ |
|---|---|
| કરારની જગ્યા પર મોકલેલ માલ | ૨,૫૮,૧૦૦ |
| મજૂરી | ૫,૬૦,૫૦૦ |
| ફોરમેનનો પગાર | ૮૦,૩૦૦ |
| મોકલેલ પ્લાન્ટ યંત્રો | ૨,૬૦,૦૦૦ |
| વહીવટી પરોક્ષ ખર્ચા | ૧,૧૨,૦૦૦ |

વધારાની માહિતી:

૧. સૂપરવાઇઝરનો માસિક પગાર રૂ ૪૦૦૦ છે, જે પોતાનો ૩/૪ સમય આ કરાર પર આપે છે.

૨. કરાર પર મોકલેલ પ્લાન્ટ - યંત્રો ૧૪૬ દિવસ ઉપયોગમાં લેવાયાં હતાં.

૩. પ્લાન્ટ યંત્રોનું અંદાજીત આયુષ્ય ૭ વર્ષ છે. તેની ભંગારકિંમત રૂ ૧૫,૦૦૦ અંદાજવામાં આવી છે.

૪. જગ્યા પર વર્ષના અંતે માલ સ્ટોક રૂ ૨૫,૪૦૦ છે.

૫. કરાર પર વર્ષના અંતે ૨/૩ ભાગનું કામ પૂરું થયું હતું.

૬. કરારકિંમતના ૫૦% કામ અંગે પ્રમાણપત્ર મળ્યું હતું.

૭. કરાર આપનાર પાસેથી રૂ ૮,૪૦,૦૦૦ રોકડ મળી છે.

૮. રૂ ૪૫૦૦નો કેટલોક માલ બિનઉપયોગી જણાતાં રૂ ૪૦૦૦માં વેચી દીધો હતો.

કરાર ખાતું બનાવો *[V.N.S.G.U. Apr. ૨૦૧૩]*

૧૦

NNM બિલ્ડર્સ લિ. એ એપ્રિલ ૧, ૨૦૨૦ ના રોજ કરાર શરૂ કર્યો. કુલ કરાર ₹ ૫,૦૦,૦૦૦ નો હતો. કરારનો એપ્રિલ ૧, ૨૦૨૦ થી ૩૧ માર્ચ, ૨૦૨૧ ના સમયગાળા માટેનો ખરેખર ખર્ચ અને એપ્રિલ ૧, ૨૦૨૧ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સુધીનો અંદાજિત ખર્ચ નીચે આપેલ છેઃ

| વિગત | ૨૦૨૦–૨૧ (ખરેખર) | ૨૦૨૧–૨૨ (૯ માસ) (અંદાજીત) |
|---|---|---|
| માલસામાન | ૯૦,૦૦૦ | ૮૫,૭૫૦ |
| મજુરી : ચૂકવેલ | ૭૫,૦૦૦ | ૮૭,૩૨૫ |
| વર્ષના અંતે ચુકવવાની બાકી મજુરી | ૬,૨૫૦ | ૮,૩૦૦ |
| પ્લાન્ટ | ૨૫,૦૦૦ | |
| પરચુરણ ખર્ચા : ચૂકવેલ | ૭,૨૫૦ | ૬,૮૭૫ |
| વર્ષના અંતે અગાઉથી ચૂકવેલ પરચુરણ ખર્ચા | ૬૨૫ | |
| સ્થાપના ખર્ચ | ૧૪,૬૨૫ | |

માલસામાનનો એક ભાગ અયોગ્ય હતો અને તેને ₹ ૧૮,૧૨૫ (પડતર ₹ ૧૫,૦૦૦)માં વેચવામાં આવ્યો હતો અને પ્લાન્ટનો એક ભાગ ₹ ૨,૮૭૫ માં ભંગાર તરીકે વેચવામાં આવ્યો હતો. ૩૧ માર્ચ, ૨૦૨૧ ના રોજ સ્થળ પરના પ્લાન્ટની કિંમત ₹ ૭,૭૫૦ હતી અને સ્થળ પરની માલસામગ્રીની કિંમત ₹ ૪,૨૫૦ હતી. આજની તારીખે હિસાબ પેટે ₹ ૧,૭૫,૦૦૦ રોકડ પ્રાપ્ત થઈ હતી, જે પ્રમાણિત કામના ૮૦% છે. બિનપ્રમાણિત કામની કિંમત ₹ ૨૭,૩૭૫ આંકવામાં આવી હતી.

કોન્ટ્રાકટરે વધુ ખર્ચનો અંદાજ કાઢયો હતો જે કોન્ટ્રાકટ પૂર્ણ થતા સુધીમાં કરવામાં આવશે:

(૧) કરાર ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થશે.

(૨) ₹ ૩૧,૨૫૦ ની વધુ રકમ પ્લાન્ટ પર ખર્ચવાની રહેશે અને કરાર પૂર્ણ થવા પર પ્લાન્ટની શેષ કિંમત ₹ ૩,૭૫૦ થશે.

(૩) સ્થાપના ખર્ચ દર મહિને અગાઉના વર્ષ જેટલો જ ખર્ચ થશે.

(૪) ₹ ૧૦,૮૦૦ આકસ્મિક પરિસ્થિતિઓ માટે પૂરતા હશે.

૩૧મી માર્ચ, ૨૦૨૧ ના રોજ પૂરા થેયલા વર્ષ માટે કરાર ખાતું તૈયાર કરો અને આ કરાર પર અંદાજિત કુલ નફાની ગણતરી કરો.

**(VNSGU MARCH 2023)**

૧૧ મેસર્સ અંબાલાલ અને બાબુભાઈ કોન્ટ્રાકટર તરીકે ભાગીદારીમાં ધંધો ચલાવે છે. તેઓ તરફથી કરાર નં ૧૫૫ અંગે તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪નાં રોજ નીચેની માહિતી પૂરી પાડવામાં આવે છે:

[૧] ટેન્ડર કિંમત રૂ ૫,૨૫,000

[૨] કરારની કિંમત રૂ ૫,00,000

[૩] કરારનું કામ શરૂ કર્યા તારીખ ૧લી મે ૨૦૧૪

[૪] રકમ ચૂકવવાની શરતો આર્કિટેક્ટે વખતોવખત પ્રમાણિત કરેલ કામના ૭૫% રકમ અને કામ પૂરું થયે બાકીની રકમ.

[૫] કરાર વખતે ડિપોઝિટ ભરી રૂ ૫0,000.

| | |
|---|---|
| પ્લાન્ટ કામ પર મોકલ્યો | રૂ ૧,00,000 |
| પગાર અને મજૂરી | રૂ ૯૮,000 |
| સ્ટોરમાંથી મોકલેલ માલ | રૂ ૮000 |
| કરાર માટે માલસામગ્રી ખરીદી | રૂ ૨૭,૫00 |
| માલસામગ્રી પાછી મોકલી | રૂ ૫00 |
| માલસામગ્રી ખર્ચનો પ્રમાણસર ભાગ | રૂ ૩000 |
| માલસામગ્રી કરાર નં ૨૬૭માં મોકલી | રૂ ૨000 |
| માલસામગ્રીનો સ્ટોક (૩૧-૧૨-૧૪) | રૂ ૫000 |
| પ્લાન્ટને મરામત | રૂ ૩000 |
| કરાર અંગે રોકડા મળ્યા | રૂ ૧,૫0,000 |
| પ્રમાણિત નહીં થયેલ કામની કિંમત | રૂ ૫000 |

વધારાની માહિતી:

[૧] સ્થાપત્ય નિષ્ણાતનાં પ્રમાણપત્ર મુજબની કિંમત પેટે મળેલ રોકડના પ્રમાણમાં થયેલ નફાનો ૨/૩ ભાગ નફાનુકસાન ખાતે લઈએ જઈને તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૪નાં રોજ પૂરા થતા વર્ષનું કરાર ખાતું બનાવો.

[૨] ચાલુ કામ ખાતું બનાવો.

[૩] ચાલુ કામ ખાતાની બાકી ૩૧-૧૨-૨૦૧૪નાં રોજ પાકા સરવૈયામાં દર્શાવો.

[૪] યંત્ર પર ૧૨% લેખે ઘસારો ગણવાનો છે. *[V.N.S.G.U March* ૨૦૧૫*]*

૧૨ કોન્ટ્રાકટર જન્મેશ રૂ 15,00,000ની કિંમતનો એક કોલેજ બાંધવાનો કરાર લીધો.

તા ૧-૪-૨૦૨૧નાં રોજ કામ શરૂ થયું. તા. ૩૧-૩-૨૦૨૨ સુધી નીચે મુજબ ખર્ચ થયો:

| | |
|---|---|
| માલસામાન | રૂ ૩,૫૦,૦૦૦ |
| મજૂરી | રૂ ૧,૭૫,૦૦૦ |
| પ્લાન્ટ | રૂ ૨,૦૦,૦૦૦ |
| પરચૂરણ ખર્ચા | રૂ ૨૫,૦૦૦ |
| સ્થાપના ખર્ચ | રૂ ૧૮,૦૦૦ |

રૂ ૨૫,૦૦૦ની પડતર કિંમતનો કેટલોક માલ બિનઉપયોગી લાગતાં રૂ ૨૦,૦૦૦મા વેચી દેવામાં આવ્યો. પ્લાન્ટનો અમુક ભાગ નકામો ગણી રૂ ૧૮,૦૦૦માં વેચી દેવામાં આવ્યો. તા ૩૧-૩-૨૦૨૨ ના રોજ કામના સ્થળે પડી રહેલ પ્લાન્ટની કિંમત રૂ ૪૪,૦૦૦ તથા હાથ પરના માલસામાનની કિંમત રૂ ૬,૦૦૦ હતી. પ્રમાણિત કામના ૮૦% લેખે રૂ ૯,૬૦,૦૦૦ રોકડા મળ્યા હતા. કરારનાં ૯૦% કામ પૂરું થયું હતું.

**કરાર પૂરો કરવા માટે બીજો કેટલો ખર્ચ થશે તેનો નીચે મુજબ અંદાજ કોન્ટ્રાકટર જન્મેશે કર્યો:**

[૧] કરાર તા. ૩૦-૯-૨૦૨૨નાં રોજ પૂરો થશે.

[૨] ૩૧મી માર્ચ, ૨૦૨૨ પછી કરાર પર મજૂરી ખર્ચ રૂ ૧,૦૩,૫૦૦ થશે.

[૩] તા. ૩૧-૩-૨૦૨૨નાં રોજ સ્ટોકમાં છે તે ઉપરાંત વધારાના રૂ 2,00,000ના માલસામાનની જરૂર પડશે અને બીજા પરચૂરણ ખર્ચ રૂ ૮,૦૦૦ થશે.

[૪] વધારાનો રૂ ૫૦,૦૦૦ની કિંમતનો પ્લાન્ટ જોઈશે. કરાર પૂરો થતાં વધશે તેવા પ્લાન્ટની કિંમત રૂ ૭૭,૦૦૦ હશે.

[૫] ૩૧મી માર્ચ, ૨૦૨૨ પછી ૨૦૨૧-૨૨ દરમિયાન લાગતો હતો તે જ દરે સ્થાપના ખર્ચ લાગશે.

[૬] કરારની કુલ પડતરના ૩% જેટલો આકસ્મિક ખર્ચ થશે.

તા. ૩૧-૩-૨૦૨૨નાં રોજ પૂરા થતા વર્ષનું કરારનું ખાતું તૈયાર કરો અને તે વર્ષનાં નફા-નુકસાન ખાતે જમા કરવાની રકમ કાચું કરાર ખાતું બનાવી નક્કી કરો. *[V.N.S.G.U. Apr. ૨૦૦૯]*

૧૩. રાધિકા કન્સ્ટ્રકશન તા.૧/૫/૨૦૧૫નાં રોજ રૂ ૪૦,૦૦,૦૦૦નો એક કરાર શરૂ કર્યો. જેની વિગતો નીચે મુજબ છે:

| વિગતો | ૩૧/૧૨/૨૦૧૬(રૂ) | ૩૧/૧૨/૨૦૧૭ (રૂ) |
|---|---|---|
| ચાલુ કામ ખાતે | | |

| | | |
|---|---|---|
| પ્રમાણિત કામ | ૧૬,૦૦,૦૦૦ | ૨૮,૦૦,૦૦૦ |
| બિનપ્રમાણિત કામ | ૮૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| સ્થળ પર માલસામાન | ૨૫,૦૦૦ | ૪૦,૦૦૦ |
| સ્થળ પર યંત્ર | ૩,૦૦,૦૦૦ | ? |
| અનામત નફો | ૨,૦૫,૦૦૦ | ? |

| વિગતો | ખરેખર ખર્ચ – ૧/૧/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ (રૂ) | અંદાજીત ખર્ચ – ૧/૧/૨૦૧૮ થી ૩૧/૩/૨૦૧૮ (રૂ) |
|---|---|---|
| માલસામાન ખર્ચ | ૫,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| મજૂરી ખર્ચ | ૨,૫૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| પરોક્ષ ખર્ચા | ૧,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| માલસામાનનું વેચાણ (પડતર રૂ ૪૦,૦૦૦) | ૩૦,૦૦૦ | -- |
| આકસ્મિક ખર્ચા | -- | ૩૦,૦૦૦ |
| પેટા-કરાર | ૮૦,૦૦૦ | |

અન્ય માહિતી:

૧. કરાર તા.૩૧/૩/૨૦૧૮નાં રોજ પૂરો થશે.

૨. યંત્ર પર ૧૫% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણો.

૩. કરારનાં અંતે રૂ ૨૫,૦૦૦નો માલસામાન સ્ટોક છે.

૪. યંત્ર કરાર શરૂ થયાની તારીખે કરારની જગ્યાએ મોકલવામાં આવ્યું.

ઉપરોક્ત માહિતી પરથી:

૧. તા ૩૧/૧૨/૨૦૧૭નાં રોજ કરાર ખાતું બનાવો અને નફા નુકસાન ખાતે લઈ જવાની રકમની ગણતરી કરો.

૨. અંદાજીત કરાર ખાતું તૈયાર કરો: *[V.N.S.G.U. Apr. ૨૦૧૯]*

૧૪. એક કોન્ટ્રાકટરે તા. ૧-૭-૨૦૧૧નાં રોજ રૂ ૫,૦૦,૦૦૦નો લાઈબ્રેરીનું મકાન બાંધવાનો એક કરાર લીધો. તા ૩૦-૬-૨૦૧૨નાં રોજ નીચે મુજબની વિગતો મળી છે.

| | |
|---|---|
| માલસામાનની ખરીદી | રૂ ૧,૦૦,૦૦૦ |
| ચૂકવેલ મજૂરી | રૂ ૪૫,૦૦૦ |
| સામાન્ય ખર્ચા | રૂ ૯૦૦૦ |
| ખરીદેલ પ્લાન્ટ | રૂ ૬૦,૦૦૦ |
| તા. ૩૦-૬-૨૦૧૨નાં રોજ સ્થળ પર માલસામાન | રૂ ૨૫,૦૦૦ |
| તા. ૩૦-૬-૨૦૧૨નાં રોજ ચૂકવવાની બાકી મજૂરી | રૂ ૫૦૦૦ |

| | |
|---|---|
| પ્રમાણિત કામ | રૂ ૨,00,000 |
| બિનપ્રમાણિત કામ | રૂ ૧૫,000 |
| મળેલ રોકડ | રૂ ૧,૫0,000 |
| પ્લાન્ટનો ઘસારો | રૂ ૬000 |

આ કરારમાં ભાવવર્ધક કલમનો સમાવેશ થાય છે જે નીચે મુજબ છે:

જો માલસામાન અને મજૂરીનાં ભાવમાં ૫% કરતાં વધુ વધારો થાય છે તો એ સંજોગોમાં માલસામાન અને મજૂરીનાં ૫% કરતાં વધુ વધારા પર ૨૫% લેખે કરાર કિંમતમાં વધારો થશે.

કરાર લીધા બાદ એવું જાણવા મળ્યું કે માલસામાન અને મજૂરીનાં ભાવમાં ૨૫% વધારો થયો છે.

પ્રમાણિત કામમાં ભાવવર્ધક કલમની અસર આપવાની નથી.

કરાર ખાતું બનાવો: